**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૭૭ ટકા

# શહેરમાં મતદાન જાગૃતિ માટે 'રન ફોર વોટર અવેરનેસ' યોજાઈ





ગાંધીનગર, તા.૧૬

લોકશાહીના આધારસ્તંભ સમાન મતદારો વધુમાં વધુમાં મતદાન કરે તેવા આશયથી આજરોજ ગાંધીનગર ખાતે રન ફોર મતદાર જાગૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રન ફોર મતદાર જાગૃત્તિ કાર્યક્રમમાં ૫ હજારથી વધુ નાગરિકોએ સહભાગી બનીને લોકશાહીના મહાપર્વમાં જોડાવવાનો ઉમદા સંદેશ આપ્યો હતો.

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતેથી અલાહદાયક વાતાવરણની સવારના ૬.૦૦ કલાકે મોટી સંખ્યામાં લોકશાહીના મહાપર્વમાં મતદાન કરીને જોડાવવાના સંદેશ પ્રસરાવવા માટે મોટી સંખ્યામાં નાગરિકો એકઠા થઈ ગયા હતા. સવારના ૬.૩૦ કલાકના સમયે આ દોડમાં સહભાગી બનવા આવેલા સર્વ નાગરિકોને મતદાન અવશ્ય કરવા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ.કે.લાંગા અને અન્ય અધિકારીઓ દ્વારા લીલી ઝંડી આપીને દોડને પ્રસ્થાન કરાવી હતી. દોડમાં ગાંધીનગર શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, આર્મી, એરફોસ, સી.આર.પી.એફ.ના જવાનો, ગાંધીનગર જિલ્લા પોલીસના જવાનો, કરાઈ પોલીસ તાલીમાર્થીઓ સહિત નગરજનો મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા. આ રેલી ગાંધીનગરના મહાત્મા મંદિર થી પ્રસ્થાન કરીને ગ-૪, ઘ-૪ સર્કલ થઈ ટાઉન હોલથી વિધાનસભા બાજુ થઈને બી.એસ.એન.એલ. ઓફિસથી વળાંક લઈને બેંક ઓફ



બરોડાવાળા માર્ગ પર થઈને લગભગ પાંચથી વધુ કિલોમીટરનું અંતર કાપીને મહાત્મા મંદિર પરત આવી હતી. મતદાન જાગૃત્તિ રેલીમાં જોડાયેલા યુવાનો અને સર્વે લોકોને ઉત્સાહ પુરો પાડવા માટે કોમનવેલ્થ ગેમ્સ, બોન્ઝા મેડલ વિજેતા લજ્જા ગોસ્વામી, ગુજરાતના રેડિયો સીટીના રેડિયો બ્રાન્ડ એમ્બેસેડર, આર.જે. હર્ષિલ, ગાંધીનગરના રમતવીર પારૂલ પરમાર પણ ખાસ સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરત ગઢવીએ કર્યું હતું.

આ મતદાન જાગૃત્તિની દોડમાં ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, બ્રિગેડીયર વિનોદ બાજીયા, પોલીસ ચૂંટણી નિરીક્ષક અને આઈ.પી.એસ બાલા નાગાદેવી, એકસપેન્ડિચર નિરીક્ષક અને આઈ.આર.એસ રાજકુમાર અને પ્રશાંત શુકલ, નિવૃત્ત બ્રિગેડીયર કે.કે.ત્રિપાઠી, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલ, જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કર, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેર, કલેકટર કચેરી પી.આર.ઓ આઈ.જી.ઝાલા, ડી.પી.ઈ.ઓ. અર્ચના પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### બુલેટ કરતા બેલેટ શકિતશાળી : લજ્જા

યુવા શુટર લજ્જા ગોસ્વામીએ પ્રભાવશાળી વકતવ્ય આપતા કહ્યું હતું કે 'બુલેટ કરતા પણ બેલેટ વધુ શકિતશાળી છે.' આ તબક્કે પેરા બેડમિન્ટન ચેમ્પિયન પારૂલ પરમારે નાગરિકોને મતદાન કરવું આપણી ફરજ હોવાનું જણાવી સો ટકા મતદાન કરવા અનુરોધ કર્યો હતો. દોડ દરમિયાન અનેક યુવાનોએ લજ્જા ગોસ્વામી તથા પારૂલ પરમાર સાથે સેલ્ફી લેવાની તક ઝડપી હતી જેને બંને ખેલાડીઓએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. લજ્જા ગોસ્વામીના પિતા પણ દોડ દરમિયાન સતત તેમની આસપાસ રહ્યા હતા.

## @ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા પ્રિતિબેન પટેલના નિવાસસ્થાને ઈ-૩૦૫, સુયસ સ્ટેટસ ઉર્જાનગર-૧ની બાજુમાં કુડાસણ ખાતે રાત્રે ૮ થી ૧૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા પ્રફુલાબેન દવેના નિવાસસ્થાન એ-૭૦૮ સીલીકેન વેલી કુડાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● ભાવનાબેન ગોકલાણી દ્વારા શાંતાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૪ પ્રતિષ્ઠા પેલેસ કુડાસણ ખાતે બપોરે ૩ થી ૬ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● બહુચર મંડળ દ્વારા શિલાબેન પટેલના નિવાસસ્થાન પલોટ નં. ૩૨૧ સે-૧ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રામજી મંદિર પાનસર ખાતે દંડીબાપુની વ્યાસપીઠે બપોરે ૩ થી ૬.૩૦ કલાકે રામકથાનું આયોજન.

## મહાવીર સ્વામીના જન્મદિનની ઉજવણી નિમિત્તે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૬

જૈન ધર્મના ૨૪મા તિર્થંકર મહાવીર સ્વામીના જન્મદિન નિમિત્તે ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સે-૨૨ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા મહાવીર સ્વામીના જન્મદિને સવારે ૬.૩૦ કલાકે પ્રભુજીની સ્નાત્રપૂજા, ૮.૩૦ કલાકે શોભાયાત્રા અને ૧૦ કલાકે સે-૨૨ના ઉપાશ્રયે પ્રભુજીના જીવન સંદેશ પર જૈન તત્વજ્ઞાનના અભ્યાસુ સુશ્રાવક ઈન્દ્રવદનભાઈ એમ. શાહનું પ્રાસંગિક પ્રવચન યોજાશે. આ ઉપરાંત સંસ્થાના સભ્યની માહિતી ધરાવતી પરિચય પુસ્તિકાનું વિમોચન જ્યોત્સનાબેન ઝવેરીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલ પણ હાજર રહેશે. આ ઉપરાંત રાત્રે દેરાસરમાં ભવ્ય આંગી, સંગીતમય ભાવના અને સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સર્વે ભકતોને પધારવા જણાવાયું છે.

# સીટી પલ્સ આર્ટ ગેલેરી ખાતે શહેરના મહિલા ચિત્રકારના ચિત્રોનું પ્રથમ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૧માં રહેતા મહિલા ચિત્રકાર આશિષબા ઝાલાના ચિત્રોનું પ્રથમ પ્રદર્શન આગામી તા. ૧૯મી એપ્રિલથી તા. ૨૧મી એપ્રિલ દરમિયાન કુડાસણ વિસ્તારમાં સીટીપલ્સ થીએટર ખાતેની આર્ટ ગેલેરીમાં દરરોજ સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન યોજાશે. આ પ્રદર્શનમાં તેમના સંસ્કૃત સાહિત્ય આધારિત ચિત્રો પ્રદર્શિત કરવામાં આવશે.



સાયકોલોજી અને જર્નાલિઝમના વિદ્યાર્થીની રહી ચુકેલા આશિષબા ઝાલાએ પોતાની બે દિકરીઓના મોટા થયા બાદ પીંછી પડી ચિત્રકળા પર હાથ અજમાવ્યો અને ભાવનગરમાં રાઠોડ ડિઝાઈન સ્ટુડિઓની સ્પર્ધામાં પોતાની જ દિકરીના દોરેલા પોટ્રેટને રજુ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પોતાની ચિત્રકળામાં ૬ ફુટ લાંબુ ઓઈલ પેઈન્ટનું ચિત્ર પણ બનાવી ચુકેલા આશીષબાના આ પ્રથમ ચિત્ર પ્રદર્શનમાં તેમણે સંસ્કૃત સાહિત્યમાં કાલીદાસના શાંકુતલ, મેઘદૂત અને જયેદવના ગીત ગોવિંદનુ સુંદર રંગ છટામાં કેન્વાસ પર નિરૂપણ કર્યું છે. તેમના કલા પ્રદર્શનમાં બુધ્ધ અને રાધા કૃષ્ણનું ટેક્ષચર વર્ક ધ્યાનાકર્ષક બની રહેશે. આ પ્રદર્શનની મુલાકાત લવા તેમણે શહેરના સંસ્કાર પ્રેમી અને કલાપ્રેમીઓને ઉમળકાભેર આમંત્રણ પાઠવ્યું છે.



ગરમીએ માઝા મુકી છે ત્યારે ગાંધીનગર સ્થિત મધુર ડેરી દ્વારા ૪૦૦ ગ્રામના પેકમાં અમુલ મસાલા છાશનું પેકિંગ શરુ કરવામાં આવ્યું છે જેનો શુભારંભ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા દ્વારા કરવામાં આવ્યો હતો.

## સે-૧૬ ચોપાટીની સામે આવેલી બિલ્ડીંગમાં સટ્ટો રમાડતા ત્રણ પકડાયા

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ચોપાટીની સામેની બિલ્ડીંગના પ્રથમ માળની ઓફિસમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા ત્રણ શખ્સોને કુલ રૂ.૪૧,૪૫૦ ના મુદ્દામાલ સાથે આર.આર.સેલની ટીમે પકડી પાડ્યા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૧૬ ઘ-૫ ચોપાટી સામેની બિલ્ડીંગના પ્રથમ માળે રોયલ ચેલેન્જર બેંગ્લોર અને મુંબઈ ઈન્ડીયન્સ ટીમ વચ્ચે રમાઈ રહેલી લાઈવ મેચ પર સટ્ટોનું કટીંગ લઈ રહ્યા હતા. આ સટ્ટાખોરની માહિતી ખુદ રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાને મળી હતી. બાતમીને પગલે આરઆરસેલના પીએસઆઈ ડી.ડી.રહેવરે પોતાની ટીમ સાથે રેઈડ પાડી ત્રણેય સટ્ટાખોરને દબોચી લીધા હતા. આરઆરસેલ રેડ કરતા ટેબલ પર ૧૨ મોબાઈલ ફોન થકી સટોડીયાઓ આરોપીઓને સટ્ટો લખાવતા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૧૨ મોબાઈલ કિ.રૂ. ૨૦,૧૦૦, ૧૦,૭૫૦ રોકડા, એલઈડી ટીવી કિ.રૂ.૧૦,૦૦૦ અને સેટઅપ બોકસ કિ.૫૦૦ મળી કુલ રૂ.૪૧,૪૫૦ ના મુદ્દામાલ સાથે ઘટના સ્થળ પરથી સતિષસિંહ અજીતસિંહ વાઘેલા રહે.કોલવડા, તાજી ગાંધીનગર, ચિરાગકુમાર બાબુલાલ પંડયા, રહે.કોલવડા અને વિરેન્દ્રસિંહ રાણા રહે. લીંબોદરા તા.માણસા જી.ગાંધીનગર સામે સે-૨૧ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.



## સ્વામિનારાયણ પોલિટેકનિકના ૧૨ વિદ્યાર્થીઓનું કેમ્પસ ઈન્ટરવ્યુમાં પ્લેસમેન્ટ

ગાંધીનગરના સેકટર-૨૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે ડિપ્લોમા એન્જીનિયરીંગની ઈલેકટ્રીકલ મિકેનિકલ અને ઓટોમોબાઈલ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ભારતની ખ્યાતનામ એવી રાણે એનએસકે સ્ટીઅરીંગ પ્રા.લિ. કંપની દ્વારા આજે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના ૧૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શરૂઆતમાં વિદ્યાર્થીઓને કંપની વિષે માહિતી આપ્યા બાદ કંપનીનું ઉત્પાનદ અને તેના બજારમાં કાર્ય વિષે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કંપનીના એચ.આર. મેનેજર રવિચંદ્રને જણાવ્યું હતું કે કંપની દ્વારા જાપાનીઝ કંપની સાથે જોડાણ કરેલ છે અને છેલ્લા ૨ર્ષથી



ખ્યાતનામ ઓટોમોબાઈલ કંપનીઓ જેવી કે ટાટા, મારૂતી, હ્યુન્ડાઈ, મહિન્દ્રા વગેરે માટે સ્ટિયરીંગ સિસ્ટમ અને એન્જિન વાલ્વ સપ્લાય કરે છે. સાણંદ ખાતે શરુ થયેલ પ્લાન્ટ માટે આ કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા હતા. જેમાં જુદી જુદી શાખાના ૧૨ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યુનું સંસ્થાના એકેડેમિક ડાયરેકટર ભાવિક શાહ તથા સ્ટાફ મિત્રો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.



સ્વામિનારાયણ મંદિર સે-૨૩માં સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટય દિન હરિનવમી (રામનવમી) નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં બાળકો અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### હનુમાન જયંતિની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૬

હનુમાન જયંતિ નિમિત્તે તા. ૧૯ એપ્રિલના રોજ ગોરા હનુમાનજી મંદિર સોનીપુર રોડ, કોલવડા ખાતે હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહાપ્રસાદ બપોરે ૧૨ કલાકે શરુ થશે. ગુરુ રામબાલકદાસજી બાપુ અને ગુરુ દ્વારકાદાસજી બાપુ દ્વારા સર્વે ભકતોને આ મહોત્સવમાં ભાગ લેવા જણાવાયું છે.

## આંબેડકર જન્મજયંતિ નિમિત્તે ભીમ-વંદના લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે સંત બળદેવનાથજી સેવા ટ્રસ્ટ દ્વારા 'ભીમ-વંદના' લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાયેલ લોકડાયરામાં જાણીતા કલાકાર જીતુભાઈ રાઠોડ, જગદીશભાઈ ચૌહાણ અને લોક કલાવૃંદ દ્વારા ગીત ભજન તથા લોકગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬ ની ૩૦ જુન પછી નિવૃત્ત થયેલા કર્મચારી/અધિકારીઓ વર્ગ-૧ની કક્ષામાં ફરજ બજાવતા અધિકારીઓ તથા આઈએએસની તાજેતરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું ફુલહાર મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે સિલેકશન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ મેહુલભાઈ પટેલે જણાવ્યું છે કે ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા રમાડાતી આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે વિવિધ વય જુથની ટીમોનો સિલેકશન ટ્રાયલ યોજેલ છે. જે અંગે સિલેકશનમાં આવવા માગતા ખેલાડીઓએ નોંધ લેવી.

અન્ડર ૧૪-૧૬-૧૯ના ખેલાડીઓએ જન્મ તારીખનું પ્રમાણપત્ર ફરજિયાત લાવવાનું રહેશે. ક્રિકેટ યુનિફોર્મમાં હાજર રહેવાનું રહેશે. તા. ૨૦મી એપ્રિલ સવારે સાત કલાકે અન્ડર-૧૯, તા. ૨૧મી એપ્રિલે સવારે સાત વાગે સિનીયર, તા.૨૭મી એપ્રિલે સવારે ૭ કલાકથી અન્ડર-૧૪ તેમજ તા. ૨૮મી એપ્રિલે સવારે ૭ કલાકથી અન્ડર-૧૬નું સિલેકશન યોજાશે. આ સિલેકશન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેકટર-૧૫, ગાંધીનગરના ગ્રાઉન્ડ ઉપર રાખવામાં આવેલ છે.

### ચિરવિદાય

● સ્વ. રામજીભાઈ શંકરભાઈ પરમાર, ઉ.વ. ૬૪

# તેં મને કેમ બચાવ્યો?, મને મરવા દો

**ઝુંડાલ પાસેની નર્મદા કેનાલમાં આપઘાત કરવા પડેલા યુવાનનો પોતાના તારણહાર ફાયરકર્મી પર જ હુમલો : છેવટે ફાયરકર્મીઓએ યુવાનને દોરડે બાંધી બહાર કાઢવો પડયો**

ગાંધીનગર, તા.૧૬

'તેં મને કેમ બચાવ્યો?, મેં તને કીધું'તું મને બચાવવાનું? મારે મરવું છે..' જેવા વિધાનો સાથે પોતાના તારણહાર પર જ આપઘાત કરવા તેનાલમાં પડેલા યુવાને હુમલો કરતા 'ધરમ કરતાં ધાડ પડી' જેવો ઘાટ સર્જાયો હતો. આ દશ્ય જોઈ ઘટના સ્થળે એકત્ર થયેલા નાગરિકો પણ એક તબક્કે હેબતાઈ ગયા હતાં.

વાત સોમવાર સાંજે અંદાજે સાંજે ૭.૩૦ વાગ્યા પછીની છે જે સમયે ગાંધીનગર તાલુકાના ઝુંડાલથી અંબાપુર તરફ જઈ રહેલ મુખ્ય નર્મદા નહેરમાં ચાંદખેડાના આઈઓસી રોડ પર રહેતો ૧૯ વર્ષીય લબરમુછીયો યુવાન કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરવાના ઈરાદે પડયો હતો. પોતાના જીવનથી નાસીપાસ યુવાને નર્મદા કેનાલમાં પડતું મુકયું તે અંગે ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા ફાયરની ટીમ તુરંત ઘટના સ્થળે ધસી ગઈ હતી અને યુવાનનો ડૂબતો બચાવવાની કોશિષ હાથ ધરી હતી. આ કોશિષમાં જયેશ કોટવાલ નામના ફાયરકર્મીએ પાણીમાં તરીને યુવાન પાસે પહોંચી જઈને તેને કિનારે ખેંચી લાવવાનું શરૂ કર્યું હતું. હજુ તો તે માંડ કેનાલમાં પાણીના કિનારે પહોંચ્યા ત્યાં તો પેલા યુવાને પોતાના તારણહાર જયેશ કોટવાલ પર પાણીમાં જ ઝપાઝપી શરૂ કરી દીધી હતી અને સાથે તે ગુસ્સાથી બોલી રહ્યો હતો કે 'તેં મને કેમ બચાવ્યો? મારે મરી જવું છે.' અચાનક થયેલા આવા અણધાર્યા હુમલાથી અવાચક બનેલા ફાયરકર્મીઓએ છવટે સમયસૂચકતા વાપરી યુવાનને કમરે રસ્સીથી બાંધી કેનાલની બહાર કાઢયો હતો. આ દરમિયાન પણ યુવાને ધમપછાડા ચાલુ રાખતા તેને મહામુસીબતે કેનાલની બહાર કાઢયો હતો અને જેવો કેનાલની બહાર આવ્યો અને થોડો સ્વસ્થ થયો કે ફરી તેણે ફાયરકર્મી સાથે ઝપાઝપી કરી એજ રટણ ચાલુ રાખ્યું હતું કે 'તેં મને કેમ બચાવ્યો?' યુવાનને જયારે પાણીમાંથી બહાર કઢાઈ રહ્યો હતો ત્યારે એક તબક્કો તો તેણે ફાયરકર્મીને જ પાણીમાં ડુબાડવા પણ પ્રયાસ કર્યો હતો. જો કે અંતે યુવાન શાંત પડી ગયો હતો અને યુવાનની માનસિક સ્થિતિ જોતા ફાયરકર્મીઓએ પણ માનવતા દાખવી તેના વર્તન અંગે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. પરંતુ આ ઘટના ફાયરકર્મીઓમાં ભારે ચર્ચાસ્પદ બનવા પામી હતી.